દાખલ તારીખ ૧૪/૦૫/૨૦૨૬
ફેસલ તારીખ **૧૫/૦૬/૨૦૨૬**
સમય વર્ષ માસ દિવસ
**૦૦ ૦૦ ૩૨**

**ગાંધીનગર જિલ્લાના પાંચમાં અધિક સત્ર ન્યાયાધિશશ્રીની અદાલત સમક્ષ,**

**મુકામ–ગાંધીનગર.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૭૫૩/૨૦૨૬**

**આંક : ૦૮**

**અરજદાર : ૧) મહેશકુમાર રવિદાન મોડ**
ઉ.વ.૫૪, ધંધો : નોકરી,
રહે. ઓફીસર બંગ્લોઝ, ફાયરબ્રિગેડ,
સેક્ટર–૧૭, ગાંધીનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા : ૧) શ્રી સરકાર**

---

**બાબત : ક્રિમી.પ્રોસી. કોડની કલમ : ૪૫૧ મુજબ મુદ્દામાલ પરત મેળવવા અરજી.**

---

**અરજદાર/આરોપી તરફે વિ.વ. શ્રી ડી.એ.મેહતા**
**સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી આર.એલ. પટેલ**

---

**:: ઠરાવ ::**

**૧)** અરજી વાંચી. રજૂઆતો સાંભળી. આ અરજી ગાંધીનગર એ.સી.બી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૦૨/૨૦૨૨ ના સ્પે.એ.સી.બી. કેસ નં.૦૨/૨૦૨૨ માં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ ના કાયદાની કલમ : ૭, ૭(એ), ૧૨, ૧૩ મુજબના ગુનાના કામે તપાસ કરનાર અમલદારે કબ્જે લીધેલ સેમસંગ કંપનીનો એફ–૯૧૬ બી મોબાઈલ ફોન જેનો આઈ.એમ.ઈ.આઈ. નંબર–૩૫૪૧૫૬૧૨૨૮૧૨૮૮૮ છે. તે મોબાઈલ મેળવવા માટે અરજી દાખલ કરેલી છે.

૨) આ અરજીમાં કરાયેલી રજૂઆત મુજબ, અરજદારનો સદર મોબાઈલ તેમના રોજિંદા ઉપયોગ, નોકરીના કામકાજ, પારિવારિક તથા સામાજિક સંપર્કો તેમજ મહત્વના ફોટોગ્રાફ્સ અને અન્ય કિંમતી માહિતી માટે ઉપયોગમાં લેવાતો હતો. સદર ગુનાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે, ચાર્જશીટ પણ દાખલ થઈ ગયેલ છે. મોબાઈલ લાંબા સમય સુધી પોલીસ કસ્ટડીમાં બિનઉપયોગી પડ્યો રહે તો તેની બેટરી, સ્પેરપાર્ટસ અને ગુણવત્તાને નુક્સાન પહોંચે અને તેની કિંમત ઘટી જવાની શક્યતા છે. અરજદારે અગાઉ મુદ્દામાલ પરત મેળવવાની અરજી કરેલ હતી, પરંતુ તે સમયે મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલાયેલ હોવાથી અરજી પ્રિમેચ્યોર ગણાવી નામંજૂર કરવામાં આવી હતી. હાલ એફ.એસ.એલ. નો રીપોર્ટ આવી ગયેલ હોવાથી તપાસ હેતુસર મોબાઇલની હવે કોઈ જરૂરિયાત રહી નથી. નામ.કોર્ટ જે શરતો ફરમાવે તેનું પાલન કરશે. અરજદારને મુદ્દામાલ મોબાઈલ પરત આપવા માટે વિનંતી કરેલી છે.

૩) વિદ્વાન સરકારી વકીલશ્રી દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, હાલ ગુનાની ટ્રાયલ ચાલુ હોય મુદ્દામાલ પરત કરવા સામે વાંધો છે.

૪) તપાસ કરનાર અમલદારનો રીપોર્ટ રજૂ છે. તેમાં જણાવ્યા પ્રમાણે, તપાસ પૂર્ણ થઈ છે, ચાર્જશીટ રજૂ કરી દીધું છે. જેથી, હાલ આ ગુનાની ટ્રાયલ ચાલુ હોય જેથી મુદ્દામાલ મોબાઈલ ફોન આરોપીને પરત ન કરવા બાબતનો અભિપ્રાય આપેલ છે.

**૫) મારું એવું માનવું છે કે, અરજદારની અરજી મંજૂર કરવી જોઈએ. તે માટેના કારણો નીચે મુજબ છે :**

**એ)** સદરહું મુદ્દામાલ મોબાઈલ ફોનનો ગુનાના કામે ઉપયોગ કરવામાં આવ્યો છે તેવો પ્રોસીક્યુશનનો કેસ છે. તપાસ કરનારના કહેવા પ્રમાણે મોબાઈલ ફોન એફ.એસ.એલ. માંથી પરત આવી ગયેલ છે અને કોર્ટમાં જમા પણ કરી દેવામાં આવ્યો છે. પરંતુ હાલના કામે મોબાઈલ ફોન સંદર્ભે જે કંઈ



*V.G.RANA*
*5th Addl. Sessions Judge,Gandhinagar*

તપાસ કરવાની હતી તે થઈ ચૂકી છે. આ મોબાઈલ ફોનની માલિકી હાલના અરજદારની છે તેવું દર્શાવતું ટેક્સ ઈન્વોઈસ બિલ રજૂ કર્યું છે.

**બી)** વધુમાં, ઈન્સ્ટ્રુમેન્ટ બિનવપરાશી હાલતમાં રાખી મુકવામાં આવે તો તે બગડી જાય, ખરાબ થઈ જાય તેવી દેખિતી સંભાવના છે. આ મોબાઈલને વધુ સમય સુધી કસ્ટડીમાં રાખી મુકવાનું કોઈ જ કારણ નથી. ગુનાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે જેથી મોબાઈલ ફોનની ગુનાના ટ્રાયલના હેતુ માટે અત્યારે કોઈ આવશ્યકતા જણાતી નથી. તે ધ્યાને લેતાં પણ અરજદારને મુદ્દામાલ મોબાઈલ ફોન પરત સોંપવો ઉચિત જણાય છે. તે સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું :

**:: <u>આખરી હુકમ</u> ::**

**૧)** આ અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

**૨)** તપાસ કરનાર અમલદારે ગાંધીનગર એ.સી.બી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૦૨/૨૦૨૨ ના સ્પે.એ.સી.બી. કેસ નં.૦૨/૨૦૨૨ માં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ ના કાયદાની કલમ : ૭, ૭(એ), ૧૨, ૧૩ મુજબના ગુનાના કામે સેમસંગ કંપનીનો એફ-૯૧૬ બી મોબાઈલ ફોન જેનો આઇ.એમ.ઈ.આઈ. નંબર-૩૫૪૧૫૬૧૨૨૮૧૨૮૮૮ નું ઈન્સ્ટ્રુમેન્ટ કબજે લીધું છે તે અરજદારને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩)** આ હુકમની અમલવારી માટે એક યાદી ડિસ્ટ્રિક્ટ કોર્ટ નાજર અને તપાસ કરનાર અમલદાર ગાંધીનગર એ.સી.બી. પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજરોજ તારીખ : **૧૫ મી જૂન, ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Dated:15/06/2026 **[Virendrasinh Gemalsinh Rana]**

Place:- Gandhinagar. 5th Additional Sessions Judge, Gandhinagar.

//M.D.C// <u>GJ00964</u>